# નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

## તા.૧૦/૦૧/૨૦૨૨ થી ૧૬/૦૧/૨૦૨૨

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |
| નવસારી રૂરલ પો.સ્ટે પોલીસ  અધિકારી/ કર્મચારીઓ | નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ-સી ગુ.ર.૧૧૮૨૨૦૨૧૨૨૦૦૪૬ પ્રોહી એક્ટ કલમ ૬૫એઈ, ૮૧, ૧૧૬(૨), ૯૮(૨) મુજબ સેરવોલેટ બીટ ગાડીની આગળ પાછળ રજી નં. GJ-05-JK-9593 જેમાં આગળ ગાડીની પાછળની સીટની નીચે તથા તથા આગળ ચાલકની બાજુની સીટના નીચે છુટ્ટી બાટલીઓ ગોઠવેલ હોય જેમાં ભારતીય બનાવટની જે તે કંપનીના સીલબુચ તથા લેબલવાળી વ્હીસ્કીની મોટી છુટી બાટલીઓ નંગ-૩૦ કિંમત રૂપીયા ૨૫,૨૦૦/-નો તથા અંગઝડતીમાંથી પકડાયેલ મોબાઇલ ફોન-૦૧ કિં.રૂ.૦૫,૦૦૦/- તથા સેરવોલેટ બીટ રજી.નં. GJ-05-JK-9593 ની કિ.રૂ.૨,૦૦,૦૦૦/-ગણી કુલ કિ.રૂ. ૨,૩૦,૨૦૦ /- નો પ્રોહી મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| નવસારી રૂરલ પો.સ્ટે પોલીસ  અધિકારી/ કર્મચારીઓ | નવસારી રૂરલ પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.૧૧૮૨૨૦૨૧૨૨૦૦૪૦ પ્રોહી એક્ટ કલમ ૬૫એઈ, ૮૧, ૧૧૬(૨), ૯૮(૨) મુજબ  કથ્થાઇ કલરના બંધ બોડીવાળો ટાટા ટેમ્પો નં.MH-04-FD-9752 માં  ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કી-ટીન બીયરની નાની-મોટી બાટલીઓ નંગ-૧૩,૮૯૬ જેની કિ.રૂ.૧૩,૩૪,૪૦૦/- તથા ટાટા ટેમ્પો નંબર-MH-04-FD-9752 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા આરોપીની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ રૂ.૧૮,૩૪,૯૦૦/- ના મુદ્દામાલ સાથે પકડાઇ જતાં હાલમાં ચાલી રહેલ કોવીડ ૧૯ વાયરસની વૈશ્વિક માહામારી અંગે ગુજરાત હાઈકોર્ટના હુકમમાં આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ અટકાયતમાં લેતા પહેલા આરોપીના કોવીડ ૧૯ ટેસ્ટ કરાવવા જરૂરી હોય જેથી આરોપીનો કોવીડ ૧૯ ટેસ્ટ કરાવી આગળની વધુ કાર્યવાહી માટે નવસારી રૂરલ પો.સ્ટે.માં સોંપવામાં આવેલ. |
| નવસારી રૂરલ પો.સ્ટે પોલીસ  અધિકારી/ કર્મચારીઓ | પાર્ટ-સી ૧૧૮૨૨૦૨૧૨૨૦૦૩૮ પ્રોહી એક્ટ કલમ ૬૫એઇ, ૧૧૬(બી), ૯૮(૨) મુજબ    હ્યુંડાય આઇ-૨૦ ગાડી રજી નં. DD-03-E-2431ના ચાલક જેનું નામ સરનામું જણાય આવેલ નથી તેણે પોતાના કબ્જાની ગાડીમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની કંપનીના શીલબુચ લેબલવાળો બાટલીઓ નંગ ૨૬૪ કિ.રૂ.૩૩,૬૦૦/- નો હ્યુંડાય આઇ-૨૦ ગાડી રજી નં. DD-03-E-2431 કિ.રૂ.૩,૦૦,૦૦૦/- માં ચોર ખાનું બનાવી એક રેડમી કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ રૂ.૩,૪૩,૬૦૦/- સાથે ગેર કાયદેસર પ્રોહી.મુદ્દામાલ ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ. |
| | |

કોરોના મહામારીના સંક્રમણને રોકવાના હેતુથી નવસારી જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જાહેર જનતામાં #માસ્ક વિતરણ  કરવામાં આવેલ અને લોકોમાં #માસ્ક પહેરવા અંગે જાગૃતિ લવવવાનો પ્રયત્ન કરવામાં આવેલ.











તા. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં બજાર/શાકભાજી વિસ્તાર – બસ ડેપો, જાહેર જગ્યા ઉપર પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા લોકોને કોરોના મહામારિ માટે સાવચેત રહેવા સરકારશ્રીની guideline નું પાલન કરવા તેમજ તકેદારી રાખવા અંગે સમજ કરવામાં આવેલ....





મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારના વેપારી મંડળ તથા શાકભાજીના વેપારીઓ સાથે સરકારશ્રીની કોરોના ગાઇડલાઇનનું ચુસ્ત પાલન કરવા અને નાગરિકો પાસે કરાવવાના ભાગરૂપે મિટીંગનુ આયોજન કરી તકેદારી રાખવા  અંગે સમજ કરવામાં આવેલ.





જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આગામી  ઉતરાયણ  તહેવાર નિમિતે  શાંતિ સમિતીની મિટિંગનું આયોજન કરવામાં આવેલ. સદર મિટીંગમાં  તહેવાર દરમ્યાન કોવીડ ગાઇડલાઇનનું પાલન કરવા જરૂરી સમજ કરી.













### પ્રેસનોટ તા.૧૧/૦૧/૨૦૨૨

**ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી બોટલો મળી નંગ-૧૯૮ જેની કિ.રૂ.૨૬,૪૦૦/- ના પ્રોહી મુદ્દામાલ સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલ.સી.બી નવસારી**

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા સાહેબ નવસારી વિભાગ,નવસારી નાઓએ પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો અને જુગારી તેમજ પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો ઉપર વોચ રાખી, માહિતી મેળવી સફળ રેઇડો કરવા તથા શોધી કાઢવા માટે વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોક્ત સુચનાઓ અંગે અસરકાર કામગીરી કરવા વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. નવસારી નાઓએ એલ.સી.બી.સ્ટાફના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને ખાનગી બાતમીદારો રોકી ફળદાયક હકીકત શોધી કાઢવા સુચના આપેલ હોય. જે અન્વયે તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ પો.સ.ઇ. એ.આર.સુર્યવંશી તથા પો.સ.ઇ. એસ.ટી.પારગી તથા એલ.સી.બી.સ્ટાફના માણસો પ્રોહી પેટ્રોલીંગમાં નિકળેલ. દરમ્યાન HC નિલેશભાઇ અશોકભાઇ તથા PC અનિલભાઇ રમેશભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે ને.હા.નં ૪૮, ધારાગીરી ઓવર બ્રીજના ઉતર છેડે મુંબઇ થી સુરત તરફ જતી ટ્રેક ઉપર તા.જિ.નવસારી ખાતેથી આરોપી સુજન ઉર્ફે સુર્યા સ્વપન નાસ્કર ના કબ્જાની હોન્ડા બ્રીઓ કાર નંબર- GJ 15 CA 7611 માંથી ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કીની નાની-મોટી બોટલો નંગ-૧૯૮ જેની કિ.રૂ.૨૬,૪૦૦/- નો પ્રોહી મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વહન કરી લઇ જતા પકડી પાડી આરોપી પાસેથી કબ્જે કરેલ ભારતીય બનાવટની વિદેશી દારૂની જથ્થો ક્યાંથી લાવેલ છે અને કોને આપવાનો છે? તે બાબતે પુછપરછ કરતા રાકેશ રહે.દમણ જેનું પુરૂ નામ-સરનામુ જણાવી આપેલ નથી તેમણે દારૂનો જથ્થો દમણ ખાતેથી હોન્ડા બ્રીઓ કાર નંબર- GJ 15 CA 7611 માં ભરાવેલ મોટરખાનામાં ભરી આપી વોન્ટેડ આરોપી ગણુ જેનું પુરૂ નામ-સરનામુ જણાવેલ નથી તેને નવસારી-સાગરા ફાટક પાસે પહોંચાડવા સારૂ જતા હોવાની હકીકત જણાતા પકડાયેલ આરોપીઓ તથા વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબીશનનો ગુનો રજીસ્ટર કરાવેલ છે.

**(૧) પકડાયેલ આરોપીનુ નામ:-**

(૧) સુજન ઉર્ફે સુર્યા સ્વપન નાસ્કર, ઉ.વ-૨૧, રહેવાસી-હાલ નિર્મળભાઇની ચાલ, રુમ નંબર-૩, કાચીગામ-દમણ, મુળ રહે- ઉતરગોપાલનગર, સાઉથ-૨૪ પરગનાસ, વેસ્ટ બેંગાલ

**(૨) વોન્ટેડ આરોપી પ્રોહી મુદ્દામાલ આપનાર:-**

(૨) રાકેશભાઇ રહે-દમણ જેનું પુરૂ નામ-સરનામુ જણાવી આપેલ નથી.

**(૩) વોન્ટેડ આરોપી પ્રોહી મુદ્દામાલ મંગાવનાર-**

(૩) ગણુ નામનો ઇસમ જેનું પુરૂ નામ-સરનામુ જણાવી આપેલ નથી. તથા તપાસમાં નિકળે તેઓ વિગેરે

**(૩) કબ્જે કરેલ મુદ્દામાલ:-**

(૧) ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કીની નાની-મોટી બોટલો નંગ-૧૯૮ જેની કિ.રૂ.૨૬,૪૦૦/- તથા (૨) હોન્ડા બ્રીઓ કાર નંબર- GJ 15 CA 7611 કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા (૩) અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૧ કિ.રૂ.૫૦૦/- તથા (૪) રોકડા રૂ.૧૨૫૦/- મળી કુલ રૂ.૩,૨૮,૧૫૦/- નો મુદ્દામાલ

**(૪) સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

PI વી.એસ.પલાસ, PSI એ.આર.સુર્યવંશી, PSI એસ.ટી.પારગી, HC નિલેશભાઇ અશોકભાઇ, PC અનિલભાઇ રમેશભાઇ તમામ એલ.સી.બી નવસારીનાઓ દ્વારા સારી કામગીરી કરેલ છે.



### પ્રેસનોટ તા.૧૧/૦૧/૨૦૨૨

## છેલ્લાં ૧૩ વર્ષથી નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના પશુ હેરાફેરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભરૂચથી ડિટેઇન કરતી એલ.સી.બી. પેરોલફર્લો સ્કોડ, નવસારી

નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.જી.રાણા નવસારી વિભાગ નવસારી નાઓએ પોલીસ ઇન્સ્પેકટર વી.એસ.પલાસ એલ.સી.બી. નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે આધારે નવસારી ટાઉન પો.સ્ટે. II ગુ.ર.નં. ૬૬/૨૦૦૮ થી પશુક્રુરતા નિવારણ ધારા ૧૯૬૦ ની કલમ ૧૧(૧)ક વિ.મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી રમણભાઇ રામુભાઇ વસાવા નાઓની ઇ-ગુજકોપ અંતર્ગત **CCTNS** હેઠળ **ICJS** પોર્ટલ મારફતે મજકુર આરોપીને સર્ચ કરતાં નેત્રંગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૦૫૨૧૦૧૧૫/૨૦૨૧ મુજબના ગુનામાં પકડાયેલ હોવાની હકિકત જાણવા મળેલ. જેથી મજકુર આરોપીની વિગત મેળવી પો.સ.ઇ.શ્રી એમ.જી.પાટીલનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ હે.કો. ભાવેશકુમાર જયમનલાલ બ.નં.૮૦૨ તથા હે.કો. વિશાલકુમાર હરીભાઇ બ.નં.૧૮૦, તથા પો.કો. નિમેષભાઇ કાંતીલાલ બ.નં.૨૬૭ નોકરી પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારીનાઓ તપાસમાં ભરૂચ ખાતે ગયેલ દરમ્યાન **હે.કો. ભાવેશકુમાર જયમનલાલ તથા હે.કો. વિશાલકુમાર હરીભાઇ** ને સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે, નવસારી ટાઉન પો.સ્ટે. II ગુ.ર.નં. ૬૬/૨૦૦૮ થી પશુક્રુરતા નિવારણ ધારા ૧૯૬૦ ની કલમ ૧૧(૧)ક વિ.મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી રમણભાઇ રામુભાઇ વસાવાનાની નર્મદા ચોકડી હાઇવે ઓવરબ્રિજ નીચે ઊભેલ છે.જેણે શરીરે કાળા કલરનું જેકેટ તથા આછા ભુરા રંગનું પેન્ટ પહેરેલ છે.

જે બાતમી આધારે નવસારી ટાઉન પો.સ્ટે. II ગુ.ર.નં. ૬૬/૨૦૦૮ થી પશુક્રુરતા નિવારણ ધારા ૧૯૬૦ ની કલમ ૧૧(૧) ક તથા મુંબઇ પશુ સંરક્ષણ ધારા ૧૯૫૪ ની કલમ ૫,૮ તથા ઇ.પી.કો. કલમ ૪૭૧, ૪૭૨,૪૨૯એ,૧૧૪ તથા એમ.વી. એક્ટ કલમ ૩,૧૮૧,૧૭૭ મુજબના ગુનાના કામે નાસતા ફરતા આરોપી રમણભાઇ રામુભાઇ વસાવા ઉ.વ.૫૦ રહે.ઝોકલા ગામ,ટેકરા ફળિયું, તા.નેત્રંગ,જી.ભરૂચનાને ભરૂચ ખાતેથી પકડી પાડેલ.પકડાયેલ આરોપી ઉપરોક્ત ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતી ફરતો હોય આરોપીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે નવસારી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી :-**

રમણભાઇ રામુભાઇ વસાવા ઉ.વ.૫૦ રહે.જોકલા ગામ,ટેકરા ફળિયું, તા.નેત્રંગ, જી.ભરૂચ

**સારી કામગીરી કરનાર પોલીસ અધિકારી /કર્મચારી :-**

PI શ્રી વી.એસ.પલાસ, PSI શ્રી એમ.જી.પાટીલ, HC ભાવેશકુમાર જયમનલાલ,
HC વિશાલભાઇ હરીભાઇ, PC નિમેષભાઇ કાંતિલાલ, PC મહેશભાઇ રામજીભાઇ



## પ્રેસનોટ તા.૧૪/૦૧/૨૦૨૨

## વડોદરા શહેર મકરપુરા પોલીસ સ્ટેશનના ગુનામાં છેલ્લા ૬ માસથી નાસતા-ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ, નવસારી

નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીઓની ધરપકડ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ નવસારી નાઓએ પોલીસ ઇન્સ્પેકટર વી.એસ.પલાસ એલ.સી.બી. નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ. એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી. નવસારી તથા હે.કો. વિશાલભાઇ હરીભાઇ નોકરી પેરોલ ફર્લો સ્કોડ, પો.કો. અર્જુનભાઇ પ્રભાકરભાઇ નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે મળેલ બાતમી મળેલ કે, વડોદરા શહેર મકરપુરા પો.સ્ટે. પાર્ટ એ ૧૧૧૯૬૦૧૬૨૧૦૮૬૫/૨૦૨૧ ઇપીકો ૩૭૦, ૩૭૦(૬), ૩૭૬(૨) એન, ૩૪૪, ૧૨૦બી, ૫૦૬(૨), ૧૧૪ વિગેરે મુજબના ગુનાના કામે છેલ્લા ૬ મહિનાથી નાસતા ફરતા તહો.બેન દક્ષાબેન વા/ઓ કિશન રામચંદ્ર માખીજાની તથા ડો/ઓ કીશોરભાઇ મગનભાઇ નાયકા (રાઠોડ)ની દિકરી રહે. આદીવાસી મહોલ્લો, બ્રાહ્મણી માતામંદીર, તલોધગામ, બીલીમોરા તા.ગણદેવી જી.નવસારી નાની હાલ તેમના પિતાના ઘરે કિશોરભાઇ મગનભાઇ નાયકાના ઘરે તલોધ ખાતે હાજર છે. જે મળેલ બાતમી હકીકત આધારે વુ.હે.કો. સોનલબેન દીનેશભાઇ નાઓ સાથે જઇ તપાસ કરતા ઉપરોકત બાતમી હકીકતમાં જણાવેલ બેન મળી આવતા તેણી નાસતા-ફરતા હોવા અંગે મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે ખાતરી કરતા ઉપરોકત ગુનામાં આજદિન સુધી નાસતા-ફરતા હોય તેમજ તેણીની વિરૂધ્ધમાં નામદાર કોર્ટનુ CRPC કલમ ૭૦ મુજબનુ વોરંટ ઇશ્યુ કરેલ હોય તેમજ તેણીની વધુ પુછપરછ કરતા તેણી ઉપરોકત ગુનામાં છેલ્લા ૬ માસથી નાસતા ફરતા હોવાની કબુલાત કરેલ હોય તેણીને ડિટેઇન કરી આગળની વધુ કાર્યવાહી અર્થે બીલીમોરા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.